# ઉત્તર પ્રદેશમાં મોદીની સુનામી

**રામ લહેર કરતા મોદી લહેર ચડિયાતી રહી : ભાજપે ઈતિહાસ રચી હજુ સુધીનો સૌથી સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો : મોટાભાગની સીટ પર ભાજપનું પ્રભુત્વ : ઉત્તરપ્રદેશમાં ભાજપને ૩૨૫થી પણ વધુ બેઠકો મળી : યુપીમાં સપા, બસપા, કોંગ્રેસના સૂપડા સાફ : બહુજન સમાજ પાર્ટીનો ફરી એકવાર કંગાળ દેખાવ**







લખનૌ,તા. ૧૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. તમામ રાજકીય પંડિતો અને એક્ઝિટ પોલની તમામ ગણતરીઓને પણ ઉંધી વાળી દઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લહેર અને સુનામી વચ્ચે ભાજપે આજે રેકોર્ડ જીત હાંસલ કરી હતી. ભાજપે પ્રચંડ જીત મેળવતા સમાજવાદી પાર્ટી-કોંગ્રેસ ગઠબંધન અને બહુજન સમાજ પાર્ટીના સુપડા સાફ થઈ ગયા હતા. ભાજપે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ૪૦૩ બેઠકો પૈકીની છેલ્લા સમાચાર મળ્યા ત્યા સુધી ૩૨૫ સીટ જીતી લીધી હતી. જ્યારે ઉત્તરપ્રદેશમાં સત્તારૂઢ સમાજવાદી પાર્ટીએ ૫૬ સીટ જીતી લીધી હતી. બહુજન સમાજ પાર્ટીએ ૧૯ સીટી જીતી હતી. ટૂંકમાં બહુજન સમાજ પાર્ટી અને સમાજવાદી પાર્ટીનો સંપૂર્ણ સફાયો થઈ ગયો હતો. મોદીએ ફરી એકવાર સાબિતી આપી હતી કે તેઓ દેશમાં સૌથી લોકપ્રિય નેતા તરીકે છે. આજે ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટેના પરિણામ આવવાની શરૂઆત થયા બાદ શરૂઆતના કલાકોમાં જ ભાજપે પોતાના હરીફ પક્ષોની તમામ ગણતરીઓને ઉંધી વાળી દીધી હતી અને શરૂઆતમાં જ અભૂતપૂર્વ લીડ મેળવી લીધી હતી. આની સાથે જ ભાજપે વર્ષ ૨૦૧૪માં મોદી લહેર વચ્ચે લોકસભાની ચંટણીમાં કરવામાં આવેલા દેખાવ જેવા જ દેખાવને કરવામાં સફળતા મેળવી હતી. વર્ષ ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણી કરતા વધુ સારો દેખાવ કરીને ભાજપે આજે ઈતિહાસ સર્જ્યો હતો. ઉત્તરપ્રદેશના ચૂંટણી ઈતિહાસમાં હજુ સુધી આ પ્રકારનો દેખાવ કોઈપણ પાર્ટી દ્વારા કરવામાં આવ્યો નથી. ભાજપને તમામ રાજકીય પક્ષો કરતા વધારે મત તમામ જાતિઓના મળ્યા હોવાની વિગત સપાટી પર આવી છે. દલિત અને મુસ્લિમોના મત પણ મળ્યા છે. આજ કારણસર ભાજપને આ રેકોર્ડ સફળતા મળી છે. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં બહુજન સમાજવાદી પાર્ટીની ખરાબ હાલત થઈ હતી. આ વખતે પણ તેની આવી જ હાલત થઈ છે. વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં બહુજન સમાજવાદી પાર્ટી ખાતુ પણ ખોલી શકી ન હતી. જો કે આ વખતે તેનો દેખાવ પ્રમાણમાં સારો રહ્યો છે. પરંતુ વર્ષ ૨૦૧૨ની ચૂંટણીની તુલનામાં બજુજન સમાજવાદી પાર્ટીની હાલત વધારે કફોડી બની છે. અગાઉ જેની ઉત્સુકતાપૂર્વક છેલ્લા કેટલાક મહિનાથી રાજકીય પક્ષો અને વેપાર જગતમાં રાહ જોવામાં આવી રહી હતી તે ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂટણીના પરિણામ આજે સવારે જાહેર થવાની શરૂઆત થઈ હતી. આની તમામ તૈયારી તંત્ર દ્વારા પહેલાથી જ કરી લેવામાં આવી હતી. ક્યા રાજ્યમાં કોની સરકાર બનશે તે બાબત પ્રવાહ ઉપલબ્ધ મળવાની શરૂઆત થવાની સાથે જ સાબિત થઈ ગઈ હતી. પાંચ રાજ્યો ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મણીપુર, ગોવા અને પંજાબમાં ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ હમેંશાની જેમ એગ્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા હતા. જે મુજબ ઉત્તરપ્રદેશમાં ભાજપને લીડ મળી રહી હતી. એગ્ઝિટ પોલમાં ભાજપને જે પ્રકારની સીટ મળી રહી હતી તે કરતા પણ વધારે સીટ જીતીને ભાજપે રેકોર્ડ સફળતા હાંસલ કરી લીધી છે.હાલમાં મોટાભાગના રાજ્યોમા સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે સારો દેખાવ કર્યો હતો. ખાસ કરીને સ્થાનિક ચૂંટણીમાં ભાજપે જોરદાર દેખાવ કર્યોછે. નોટબંધી બાદ સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે ઓરિસ્સા, મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના રાજ્યોમાં જોરદાર દેખાવ કર્યો હતો. હાલમાં મહારાષ્ટ્રમાં પણ સ્થાનિક ચૂંટણીમાં ભાજપનો શાનદાર દેખાવ રહ્યો હતો. અન્ય રાજ્યોના પ્રવાહ પણ મળી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂટણીના પરિણામ આવ્યા બાદ મોદી અને અમિત શાહના કદમાં વધારો થયો છે. પહેલાથી જ પાર્ટી અને સરકાર પર મજબુત પકડ ધરાવનાર મોદી અને શાહની જોડીની લોકપ્રિયતા વધી રહી છે. પાર્ટીના નારાજ નેતાને પણ હવે કોઈ તક મળશે નહી.

### ઉત્તર પ્રદેશમાં ભગવો

| | |
|---|---|
| ઉત્તરપ્રદેશ કુલ બેઠક | ૪૦૩ |
| પરિણામ જાહેર | ૪૦૩ |
| ભાજપ-સાથી | ૩૨૫ |
| સપા-કોંગ્રેસ | ૫૬ |
| બસપ | ૧૯ |
| અન્યો | ૪ |

### ઉત્તરાખંડમાં કેસરીયો

| | |
|---|---|
| ઉત્તરાખંડ કુલ બેઠક | ૭૦ |
| પરિણામ જાહેર | ૭૦ |
| ભાજપ | ૫૭ |
| કોંગ્રેસ | ૧૧ |
| બસપ | ૦ |
| અન્ય | ૨ |

### પંજાબમાં કોંગ્રેસનો સપાટો

| | |
|---|---|
| પંજાબ કુલ બેઠક | ૧૧૭ |
| પરિણામ જાહેર | ૧૧૭ |
| અકાલીદળ-ભાજપ | ૧૮ |
| કોંગ્રેસ | ૭૭ |
| એએપી | ૨૨ |
| અન્યો | ૦ |

### ગોવામાં અસ્પષ્ટ સ્થિતિ

| | |
|---|---|
| કુલ બેઠક | ૪૦ |
| પરિણામ જાહેર | ૪૦ |
| ભાજપ | ૧૪ |
| કોંગ્રેસ | ૧૮ |
| એએપી | ૦ |
| અન્ય | ૮ |

### મણીપુરમાં ત્રિશંકુ સ્થિતિ

| | |
|---|---|
| મણીપુર કુલ બેઠક | ૬૦ |
| પરિણામ જાહેર | ૬૦ |
| ભાજપ | ૨૧ |
| કોંગ્રેસ | ૨૮ |
| ડાબેરી | ૧ |
| અન્ય | ૧૦ |

## આપને ગોવા, પંજાબમાં ભારે ફટકો પડ્યો

**પંજાબમાં બહુમતીની સાથે જીત મેળવવાનો દાવો કરનાર આપને માત્ર ૨૨ સીટની સાથે સંતોષ માનવાની ફરજ : ગોવામાં કેજરીવાલની પાર્ટી ખાતું પણ ન ખોલી શકી**



ચંદીગઢ, તા.૧૧

પંજાબમાં અરવિંદ કેજરીવાલની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. પંજાબમાં જીતવાના દાવા કેજરીવાલ દ્વારા છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહ્યા હતા. રાજકીય પંડિતોના કહેવા મુજબ વધારે પડતા આત્મવિશ્વાસના પરિણામ સ્વરૂપે આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ છે. લોકોનું એવું પણ કહેવું છે કે આમ આદમી પાર્ટીને પસંદ કરવા કરતા પંજાબના મતદારોએ એક અનુભવી પાર્ટી ઉપર પસંદગી ઉતારી છે. પંજાબ સરહદી રાજ્ય હોવાથી લોકોનો અભિપ્રાય હતો કે દિલ્હીમાં જીત મેળવનાર એએપીની કેન્દ્ર સાથે સતત ખેંચતાણ રહી છે. આવી સ્થિતિમાં પંજાબને આગળ લઈ જવામાં એએપીને સફળતા મળશે નહીં. આવી જ ગણતરી સાથે અંતે પંજાબના મતદારોએ કોંગ્રેસની પસંદગી કરી હતી. બીજી બાજુ ભાજપ-અકાલીદળ ગઠબંધન સામે સત્તા વિરોધી લહેર હતી અને તેની હાર એક્ઝિટ પોલના તારણ બાદથી દેખાઈ રહી હતી. કેજરીવાલને પંજાબની સાથે સાથે ગોવામાં પણ ફટકો પડ્યો છે. ગોવા વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને એક પણ સીટ મળી શકી નથી. આમ આદમી પાર્ટી ખાતુ ખોલવામાં પણ નિષ્ફળ રહી છે.

# પંજાબમાં કોંગ્રેસનો જયજયકાર

**શાસન વિરોધી લહેર વચ્ચે કોંગ્રેસે સપાટો બોલાવ્યો : ૧૧૭ વિધાનસભા બેઠક પૈકી ૭૭ બેઠક જીતીને શાનદાર વાપસી : આમ આદમી પાર્ટી માત્ર ૨૨ બેઠક જીતી શકી : દિલ્હી બાદ બીજા રાજ્યમાં સત્તા મેળવવાની કેજરીવાલની આશા પર પાણી ફરી વળ્યું : કોંગ્રેસ પૂર્ણ સંતુષ્ટ**





ચંદીગઢ, તા.૧૧

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં સંપૂર્ણ સફાયો થયો હોવા છતાં કોંગ્રેસ પાર્ટીએ પંજાબમાં શાનદાર દેખાવ કરીને સત્તામાં લાંબા સમય બાદ વાપસી કરી લેવામાં સફળતા મેળવી છે. સત્તા વિરોધી લહેર વચ્ચે કોંગ્રેસને સીધો ફાયદો થઈ ગયો છે. જોકે આમ આદમી પાર્ટીને પણ મોટો ફટકો પડ્યો છે. આમ આદમી પાર્ટી પણ અહીં સરકાર બનાવશે તેને લઈને આશાવાદી હતી પરંતુ તેને માત્ર ૨૨ બેઠકો હાથ લાગી છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ ૭૭ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવી દીધો છે. જ્યારે શિરોમણી અકાલીદળ-ભાજપ ગઠબંધનને ૧૮ બેઠકો મળી છે. પરિણામો જાહેર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ પાર્ટીએ બહુમતી માટેનો આંકડો હાંસલ કરી લીધો છે. અકાલીદળ-ભાજપ ગઠબંધન કંગાળ દેખાવ કરશે તેવી અપેક્ષા પહેલાથી જ હતી. આદમી પાર્ટીએ ૨૨ બેઠકો જીતવામાં સફળતા હાંસલ કરી છે. તેને સૌથી મોટા ફટકા તરીકે ગણવામાં આવે છે કારણ કે અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીએ તમામ તાકાત પંજાબમાં લગાવી દીધી હતી. પ્રચંડ બહુમતી સાથે આમ આદમી પાર્ટી સરકાર બનાવશે તેવો દાવો કરવામાં આવી રહ્યો હતો પરંતુ તેમની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. પંજાબમાં છેલ્લા ૧૦ વર્ષથી અકાલીદળ-ભાજપની સરકાર હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેપ્ટન અમરિન્દરસિંહને ફોન કરીને જીતવા માટેના અભિનંદન આપ્યા હતા. મહત્વપર્ણ ઉમેદવારોની વાત કરવામાં આવે તો કેપ્ટન અમરિન્દરસિંહ પટીયાળા શહેરી સીટથી ૫૧,૦૦૦ મતે જીતી ગયા હતા. જ્યારે લાંબીથી પ્રકાશસિંહ બાદલ સામે ૨૨,૦૦૦ મતોથી હારી ગયા હતા. જલાલાબાદથી સુખબીર બાદલ ૧૮૫૦૦ મતે જીતી ગયા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભગવત માન આ બેઠક પરથી હારી ગયા હતા. કોંગ્રેસના નવજોત સિદ્ધુએ અમૃતસર ઈસ્ટમાંથી ભાજપના ઉમેદવાર રાજેશ કુમારને ૪૨૮૦૯ મતે હાર આપી હતી.

પંજાબમાં શાસન વિરોધી લહેર વચ્ચે અકાલીદળ-ભાજપ ગઠબંધનની હાર થઈ છે પરંતુ જાણકાર લોકો કહી રહ્યા છે કે છેલ્લા ઘણા સમયથી પંજાબમાં અકાલીદળને લઈને લોકોમાં ભારે નારાજગી હતી. જેની કિંમત અકાલીદળને ચૂકવવી પડે છે. પંજાબમાં ૧૧૭ વિધાનસભા બેઠકો છે જે પૈકી મોટાભાગના પરિણામ આવી ગયા છે. જે પૈકી કોંગ્રેસે સપાટો બોલાવીને શાનદાર જીત મેળવી છે. પંજાબમાં કોંગ્રેસને વાપસી કરી છે. અમરિન્દરસિંહ એક વખતે કોંગ્રેસ સાથે છેડો ફાડવાની તૈયારીમાં હતા પરંતુ છેલ્લી ઘણીએ તેઓ માની ગયા હતા અને તેમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. અમરિન્દરસિંહે એવી જાહેરાત પણ કરી હતી કે આ વિધાનસભાની ચૂંટણી તેમની છેલ્લી ચૂંટણી છે. તેમની આ જાહેરાતના કારણે તેમને સહાનુભૂતિના મત પણ મળ્યા હતા.

## અખિલેશ પ્રજાના ચુકાદાને નિખાલસ રીતે સ્વીકારે છે



લખનૌ, તા.૧૧

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ અખિલેશ યાદવે કહ્યું હતું કે ઉત્તરપ્રદેશની પ્રજા દ્વારા જે ચુકાદો આપવામાં આવ્યો છે તે ચુકાદાને તેઓ સ્વીકારે છે. પોતાના કાર્યકરોનો પણ આભાર માને છે. અખિલેશ યાદવે કહ્યું હતું કે હારની સમીક્ષા કરવામાં આવ્યા બાદ જ કોઈ મોટી જવાબદારી સ્વીકારશે. તેમણે અમિત શાહ ઉપર ટકોર કરી હતી અને કહ્યું હતું કે અમારી પત્રકાર પરિષદમાં હસી લો છો પરંતુ બીજા તો હસવા પણ દેતા નથી. બીજી બાજુ અખિલેશે એમ પણ કહ્યું હતું કે પ્રદેશની જનતાએ સમાજવાદીઓની હંમેશા મદદ કરી છે. ઉત્તરપ્રદેશની પ્રજા કદાચ બુલેટ ટ્રેનની આશા રાખે છે. આજ કારણસર ભાજપને મત આપ્યા છે. અખિલેશે ઉમેર્યું હતું કે સમગ્ર ચૂંટણીમાં ક્યારેય એવું લાગ્યું ન હતું કે આવું પણ થનાર છે. તેઓ હંમેશા ગરીબ માટે કામ કરતા રહ્યા છે. હવે ભાજપ શું કરે છે તે બાબત ઉપર અમારી નજર રહેશે. કોંગ્રેસ સાથે ગઠબંધન જારી રહેશે.

# ગોવા-મણીપુરમાં કોંગ્રેસ નંબર વન પણ ત્રિશંકુ વિધાનસભા

**ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખૂબ નજીકની ટક્કર : મણીપુરમાં પણ ભાજપને શાનદાર સફળતા હાથ લાગી**

પણજી, તા.૧૧

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપેની શાનદાર જીત થઈ છે. જ્યારે પંજાબમાં કોંગ્રેસે બાજી મારી છે પરંતુ ગોવા અને મણીપુરમાં ત્રિશંકુ વિધાનસભાના સંકેત દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી બંને રાજ્યોમાં ચોક્કસપણે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે પરંતુ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે બેઠકોનું અંતર નહિવત જેવું રહ્યું છે. ગોવામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે બેઠકોનું અંતર ખૂબ ઓછું છે. આવી સ્થિતિમાં બંને રાજ્યોમાં અન્ય પાર્ટીઓની ભૂમિકા સરકાર રચવામાં કિંગમેકર તરીકેની રહી શકે છે. એકબાજુ ગોવામાં ૪૦ બેઠકો પૈકી કોંગ્રેસ પાર્ટી ૧૮ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી



આવી છે. જ્યારે ભાજપને અહીં ૧૪ બેઠકો મળી છે. બીજી બાજુ મણીપુરમાં ૬૦ સભ્યોની વિધાનસભામાં ભાજપને ૨૧ અને કોંગ્રેસને ૨૮ બેઠકો મળી છે. અહીં પણ અન્યોની ભૂમિકા ચાવીરૂપ રહી છે. આવી સ્થિતિમાં અપક્ષો અને અન્યોની ભૂમિકા સરકાર રચવા માટે ચાવીરૂપ રહેશે. શરૂઆતી પ્રવાહમાં કોંગ્રેસે ભારે લીડ મેળવી હતી પરંતુ અંતે તેની સ્થિતિ સારી દેખાઈ હતી. કોંગ્રેસે ભાજપ કરતા ખૂબ નાનકડી લીડ મેળવી લીધી હતી. ભાજપ માટે નિરાશાજનક બાબત એ રહી હતી કે મેન્ડરમ સીટ પરથી મુખ્યમંત્રી લક્ષ્મીકાંત પારસેકર વિધાનસભાની ચૂંટણી હારી ગયા હતા. કોંગ્રેસના દયાનંદ રઘુનાથ સોપટે સામે તેમની ૭૧૧૯ મતે હાર થઈ હતી. ગોવાના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા દિગમ્બર કામતે માર્ગો સીટ જીતી લીધી હતી. મણીપુર અને ગોવામાં જોરદાર ટક્કર અને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોવા મળી હતી. ગોવામાં આ વખતે કોઈને પણ સ્પષ્ટ બહુમતી હાથ લાગી નથી. ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ ઉભરી આવી છે. મણીપુરમાં પણ આવી સ્થિતિ રહી છે પરંતુ આ બંને રાજ્યોમાં કોંગ્રેસે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યામાં સફળતા હાંસલ કરી લીધી છે. એકબાજુ ત્રણ રાજ્યોમાં સ્પષ્ટ ચુકાદા આવ્યા છે પરંતુ ગોવા અને મણીપુરમાં તૂટેલા ચુકાદા આવતા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સરકાર બનાવવા માટે ખેંચતાણ રહેશે.

## ઉત્તરાખંડમાં ભાજપને પ્રચંડ બહુમતી

**ઉત્તરાખંડમાં ૫૭ સીટો જીતીને સપાટો બોલાવ્યો : કોંગ્રેસ ફરીથી સરકાર બનાવશે તેવો દાવો કરનાર હરિશ રાવત પોતેજ પોતાની બંને બેઠકો ઉપરથી પરાજિત થયા**

દહેરાદુન,તા. ૧૧

ઉત્તરાખંડમાં પણ ભાજપે પ્રચંડ બહુમતી હાંસલ કરી લીધી છે. ભાજપે હજુ સુધી સૌથી મોટી જીત ઉત્તરાખંડમાં પણ હાંસલ કરીને રેકોર્ડ સર્જ્યો છે. રાજ્યમાં ભાજપે ૫૭ બેઠકો ઉપર જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસને ૧૧ બેઠકો હાથ લાગી છે. બસપને અહીં ખાતુ ખોલવામાં પણ સફળતા મળી નથી. પ્રચંડ બહુમતી મેળવી લેતા અહીં પણ ભાજપે દબોદબો



જમાવ્યો છે. હજુ સુધીના ઈતિહાસમાં ભાજપ માટે આ જીતનો સૌથી મોટો આંકડો નોંધાઈ ગયો છે. કોંગ્રેસના ખાતામાં ૧૧ બેઠકો આવી છે. પાર્ટીની હારને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી હરિશ રાવતે રાજ્યપાલ કેક પોલને પોતાનું રાજીનામું સોંપી દીધું હતું. બીજી બાજુ નવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી કાર્યકારી મુખ્યમંત્રી તરીકે હરિશ રાવતને ચાલુ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરિશ રાવતે ચૂંટણીથી પહેલા દાવો કર્યો હતો કે તેમની પાર્ટી આ વખતે પણ સરકાર બનાવશે પરંતુ હરિશ રાવત પોતાની સીટો પણ બચાવી શક્યા ન હતા.